## અગ્રતા ક્રમાંક- ૨૭ અંતર્ગત વધારાની માહિતી

**માન.ધારાસભ્ય શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડિયા)**

## વિગત-બિન-પરંપરાગત ઉર્જા અંગેની સોલર પાવર પોલિસી

## સોલર પાવર પોલિસી- 2009

રાજ્ય સરકારે વિશ્વની climate change અને પ્રદૂષણ ની સમસ્યા ને ધ્યાને લઈ ગુજરાત રાજ્ય ની મહતમ સોલાર રેડીએશન ક્ષમતા નો ઉપયોગ કરી ને મોટા પાયા પર ગ્રીન અને ક્લીન સોલાર ઉર્જા ના ઉત્પાદન ના લક્ષ્ય સાથે તા ૦૬.૦૧.૨૦૦૯ ના રોજ સોલર પાવર નીતિ –૨૦૦૯ નોટિફાય કરેલ હતી. જેનો કાર્યકાળ ૦૬.૦૧.૨૦૦૯ થી ૩૧.૦૩.૨૦૧૪ સુધીનો હતો.

સદર પોલિસી ના હેતુ માં સોલર ઊર્જાનો ઉપયોગનું પ્રોત્સાહન કરવું,તે માટે સરળી નિવેશ વાતવરણ પૂરું પડવું, સ્થાનિક રોજગારનું સર્જન ,R&D પ્રોત્સાહન, સ્થાનિક ઉત્પાદન સાધનોનું પ્રોત્સાહન વગેરે સામેલ હતા.

વળી, આ સમય દરમિયાન માન. CERC એ તેના તા. ૦૩.૧૨.૨૦૦૯ ના ઓર્ડર થી સોલર પ્રોજેક્ટ્સ માટે રૂ. ૧૮.૪૪ પ્રતિ યુનિટ અને ૧૭.૧૪ પ્રતિ યુનિટ અનુક્રમે AD બેનિફિટ વગર અને AD બેનિફિટ સાથે નો દર નક્કી કરેલ હતો જેમાં તેણે પ્રોજેક્ટ કોસ્ટ રૂ. ૧૭ કરોડ પ્રતિ મેગા વોટ ગણેલી હતી.

સદર પોલિસી અંતર્ગત સ્થાપિત થનાર સોલર પ્રોજેક્ટ માટે માન. GERC દ્વારા તા. ૨૯.૦૧.૨૦૧૦ ના ઓર્ડર થી વીજદર નક્કી કરવામાં આવેલ હતો. જે મુજબ ૨૯.૦૧.૨૦૧૦ થી ૨૮.૦૧.૨૦૧૨ સમય દરમિયાન સ્થાપિત થનાર પ્રોજેક્ટ માટે પહેલા ૧૨ વર્ષ માટે રૂ. ૧૫ પ્રતિ યુનિટ અને ત્યારબાદ ના ૧૩ વર્ષ માટે રૂ. ૫ પ્રતિ યુનિટ નો વીજ દર નક્કી કરવામાં આવેલ હતો. સદર વીજદર નક્કી કરતાં સમયે માન. GERC દ્વારા તે સમય ની ૧૬.૫ કરોડ પ્રતિ મેગા વોટ ની ઊંચી પ્રોજેક્ટ કોસ્ટ ધ્યાન માં લીધેલ હતી.

આ ઉપરાંત તા ૨૮.૦૧.૨૦૧૦ પછી સદર પોલિસી અંતર્ગત સ્થાપિત થનારા પ્રોજેક્ટ્સ માટે માન. GERC દ્વારા ઘટતી જતી પ્રોજેક્ટ કોસ્ટ ને ધ્યાને રાખી

તેના તા ૨૭.૦૧.૨૦૧૨ ના ઓર્ડર થી જુદા જુદા કંટ્રોલ પીરિયડ માટે નીચે મુજબ નો વીજ દર નક્કી કરવામાં આવેલ હતો.

| કંટ્રોલ પિરિયડ | | વીજદર (રૂ. પ્રતિ યુનિટ ) | | |
|---|---|---|---|---|
| તારીખ થી | તારીખ સુધી | પહેલા ૧૨ વર્ષ માટે | પછી ના ૧૩ વર્ષ માટે | ૨૫ વર્ષ માટે લેવલાઈઝ વીજદર |
| ૨૯.૦૧.૨૦૧૨ | ૩૧.૦૩.૨૦૧૩ | ૯.૯૮ | ૭ | ૯.૨૮ |
| ૦૧.૦૪.૨૦૧૩ | ૩૧.૦૩.૨૦૧૪ | ૯.૧૩ | ૭ | ૮.૬૩ |

સદર પોલિસી અંતર્ગત GUVNLદ્વારા કુલ ૭૮ વીજ ખરીદ કરાર(૭૧ ખાનગી કંપની સાથે અને ૬ સરકારી કંપની સાથે ) કરવામાં આવેલ હતા. જેની કમિશન કેપેસિટી ૮૫૭.૨૭ મેગા વોટ છે.સદર વીજ ખરીદ કરાર અંતર્ગત વીજ ખરીદી ,GUVNL અને સબસીડરી વીજ કંપનિઓ ના રિન્યૂએબલ પાવર પાર્ચેઝ ઓબ્લિગેશન (RPO) પૂર્ણ કરવા માટે કરવામાં આવે છે.

ઉપરોક્ત પોલસી ના લીધે  મોટી સંખ્યા માં સોલાર કેપેસિટી સ્થાપિત થવાથી અને manufacturing expansion ના લીધે સમયાંતરે ઘણા ટેક્નોલોજિકલ ડેવલપમેંટ થયેલ છે જેના લીધે પ્રોજેક્ટ કોસ્ટ માં સાથે ઘણો ઘટાડો થયેલ છે જેના પરિણામ સ્વરૂપે હાલ માં રૂ. ૨.૫૪ પ્રતિ યુનિટ સ્પર્ધાત્મક બિડિંગ થી નક્કી થયેલ છે.